email: citypulse@gujaratmitra.in

CITY pulse

ગુજરાતમિત્ર

શુક્રવાર ૧૮ જુલાઈ, ૨૦૨૫

# બયોડાયવર્સિટી પાર્ક બની રહેશે સુરત શહેરના નેચરલ ફેફસા

## જિમ-સાયકલિંગ-વોકિંગથી રાખશે ફિટ, વિદ્યાર્થીઓને રિસર્ચનો મળશે મોકો

'ખાડી' બસ આટલું જ નામ તમે સાંભળો એટલે તમને નાકમાં બદબુ મારતા પાણીની સ્મેલનો એહસાસ થશે. ફેફસામાં તરોતાજા હવા ભરાય તેવું ઓક્સીજન જનરેટ કરે તેવી જગ્યા ખાડીના કિનારે પણ ડેવલપ થઈ શકે તેની સુરતીઓ માટે થોડા વર્ષ અગાઉ કલ્પના કરવી પણ અશક્ય હતું. જે શક્ય તો બન્યું જ છે સાથે તેને ફરવા લાયક સ્થળ તરીકે ડેવલપ કરાયું છે વાઈલ્ડ વેલી બયોડાયવર્સિટી પાર્કના રૂપે. કાંકરાખાડીના બંને કિનારાને ખૂબસુરત બનાવવાની સાથે અનેક સુગંધીત ફુલોના છોડવા લાખોની સંખ્યામાં રોપણ કરી દુર્ગંધની જગ્યાએ સુગંધ પાથરવામાં આવી છે. સાથે આ વૃક્ષોને કારણે શહેરની વચ્ચોવચ જ અર્બન ફોરેસ્ટ ઉભું કરી દેવાયું છે. 60 હેકટર જગ્યામાં સુરતીઓ માટે બનેલું નવલું નઝરાણું સુરતીઓના વિવિધ ઉધોગોથી ધમધમતા સુરત શહેરમાં ફરવા લાયક સ્થળો ઓછા હોવાના મહેણાંને ભાંગી રહ્યું છે. શહેરી વિસ્તારમાંથી ચકલીઓ ગાયબ થઈ ગઈ હોવાની ફરિયાદો આ બયોડાયવર્સિટી પાર્કના બનવાથી દૂર થશે એવા દિવસો હવે નજીક છે. તમે અહીં કિંગ ફિશર પણ જોઈ શકશો અને અમુક એક્ટિવિટીઝ કરીને બોડીને ફિટ પણ રાખી શકશો. તે કઈ રીતે ? વળી, વિદ્યાર્થીઓને સંશોધન કરવા માટેનું એક સ્થળ પણ મળવાનું છે, તે કઈ રીતે અને બીજા કયા મનોરંજનની સુવિધા અહીં મળવા લાગી છે તેના વિશે આ 144 કરોડ રૂપિયાના બયોડાયવર્સિટી પાર્કના પ્રોજેકટથી જાણીએ...



### એલિવેટેડ વ્યૂઈંગ ગેલેરીમાંથી પાર્કનો ખૂબસૂરત નજારો દેખાય છે

અહીં પાર્કમાં લોકો માટે એક વિશિષ્ટ પ્રકારની સીટીંગ વ્યવસ્થા ઉભી કરાઈ છે જેને પરગોલા સીટીંગ એરિયા કહેવાય છે. તેનું રુફ પાર્શ્યલી શેડેડ છે. તે પારદર્શક હોવાથી લોકોને તડકો અને છાયડો બંનેનો અનુભવ અહીં બેસવાથી થાય છે. ત્રણ લોકેશન પર એલિવેટેડ વ્યુઈંગ બ્રીજ બન્યા છે. તેમાં સાડા ત્રણથી ચાર મીટરની હાઈટ પરથી આખા પાર્કનો ખૂબસુરત નજારો જોઈ શકાય છે અને બર્ડ વોચિંગ થઈ શકે છે. એક બિલ્ડીંગમાં ઈન્ટરપ્રિટેશન સેન્ટર બન્યું છે જેમાં સુરતની માહિતી પ્રદર્શિત કરી શકાય છે. આ ઉપરાંત અમુક પ્લાન્ટ્સના સેલિંગનું આયોજન પણ થઈ શકશે. આ સેન્ટર ડિસ્કવરી સેન્ટર પણ છે. તે એ રીતે કે બયોડાયવર્સિટી પાર્કની વનસ્પતિઓ વિશેની વિસ્તૃત માહિતી આ બિલ્ડીંગમાં પ્રદર્શિત કરાશે જેથી વિદ્યાર્થીઓ માટે સંશોધનની તકો ઉભી થશે.



### ઓક્સીજન જનરેટ કરી ગ્રીન લંગ્સ બનાવવા 5 લાખ વૃક્ષથી શહેરી જંગલ બનાવ્યું

બયોડાયવર્સિટી પાર્કને ગ્રીન લંગ્સ બનાવવા માટે અહીં 85 પ્રકારના 5 લાખથી વધુ વૃક્ષો લગાડી અર્બન ફોરેસ્ટ ઉભું કરાયું છે. ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, ચીખલી, વલસાડ, વ્યારાથી પ્લાંટ્સ મંગાવી અહીં તેનું રોપણ કરાયું છે. આમાં ઘણા એવા પ્લાન્ટ્સ છે જેમનું અસ્તિત્વ હવે ખતમ થવા પર છે. એવા પ્લાન્ટ્સ પણ છે જે ખુશ્બુ ફેલાવી પર્યટકોને આ પાર્ક તરફ ખેંચી લાવી રહ્ય છે. નર્સરીમાં નથી મળતા તેવા વૃક્ષોની હારમાળા અહીં છે જેમકે, સાગ છે, વાંસ છે ઉમરડો, કંચનાર, તામ્હણ, મહુડો, અરીઠા, બંગાળી બાવળ જેવા અનોખા નામના પણ જુના વૃક્ષોથી સુરતીઓને પરિચિત કરવામાં આવી રહ્યં છે.




### સવાર સાંજ થઈ રહ્યું છે સાયકલિંગ, વોકિંગ-જીમિંગ-યોગા


આ પાર્કમાં 11 કિલોમીટરનો સાયકલ ટ્રેક છે જ્યાં નાના બાળકોથી લઈને વયસ્ક લોકો સવાર અને સાંજ સાયકલિંગની મજા લઈ રહ્યા છે તો 13 કિલોમીટરનો વોકવે છે જેની પર ચાલતા ચાલતા ડેકોરેટિવ પ્લાન્ટ્સ જોવાની મજા માણી શકાય છે અને ફૂલોની સુગંધથી મન પ્રફુલ્લિત થઈ થઇ જાય છે. ચિલ્ડ્રન પ્લે એરિયામાં ઝુલો, લપસણી વગેરે મનોરંજનના સાધનો છે. તો ત્રણ લોકેશન પર જિમ અને યોગા એરિયા પણ છે. જિમ એરિયામાં કસરતના સાધનો છે જેનો ઉપયોગ લોકો સવાર સાંજ કરી ફિટ રહેવાના પ્રયાસ તરફ વળ્યા છે.

### વ્હાઈટ અને પર્પલ ફાઉન્ટેન, બ્રુમ ગ્રાસ (ઘાસ)થી ખૂબસુરતી વધી



બયોડાયવર્સિટી પાર્કમાં સુરતીઓ માટે એક ખુબસુરત નઝરાણુ આપવામાં આવ્યુ છે અને તે છે સુંગધ પાથરતી અને સુંદર ફૂલોવાળી વિવિધ પ્રકારની ઘાસ (ગ્રાસ) જેમાં વ્હાઈટ અને પર્પલ ફાઉન્ટેન ગ્રાસ જેના ફૂલ આકર્ષક છે તો સુગંધ ફેલાવતી વેટીયર ઘાસ જે મનને શાંત પણ કરે છે. આ ઉપરાંત સાઈપ્રસ ગ્રાસ, મુંજ ગ્રાસ, વાઈલ્ડ શુગરકેન ગ્રાસ, ટાઈફા અને બ્રુમ ગ્રાસ પણ આ પાર્કની ખૂબસુરતીમાં ચાર ચાંદ લગાવે છે અને પર્યાવરણના ઉદ્દેશને સર પણ કરે છે. આવી ખુબસુરત ઘાસ તળાવના કિનારે અને વોક વે ના કિનારે લગાવવામાં આવી છે. અહીં લેમન ગ્રાસની સુગંધ સુરતીઓને મોહી રહી છે.





### મોર જોવાનો મળે છે લ્હાવો, એકવેટિક બર્ડ્ઝથી ખૂબસુરત લાગે છે 13 તળાવ

બયોડાયવર્સિટી પાર્કમાં ઈન્સેકટ ધીરે ધીરે ડેવલપ થશે પણ અત્યારે 10થી 12 જેટલા મોર જોવાનો લ્હાવો અહીં નસીબજોગ મળી જાય છે. અહીં 13 તળાવ બન્યા છે જેમાં એક લાખ ક્યુબીક મીટર વરસાદી પાણીનો સંગ્રહ થઈ રહ્યો છે. એકવેટિક બર્ડ્ઝ જેમકે બતક, અમુક પ્રકારની માછલીઓને કારણે તળાવનો નજારો ખૂબસુરત બન્યો છે. એક લોકેશન પર છઠ પૂજા થઈ શકે છે. છઠ પૂજાનો અવસર વર્ષે એક વખત આવે એટલે પછી તેને વોટર પ્લાઝા બનાવી દેવાય છે અને જરૂર પડે તો ત્યાંનું પાણી ખાલી કરી એમ્ફીથિયેટર બનાવી શકાય છે. આમ તો અહીં ત્રણ એમ્ફીથિયેટર બન્યા છે જ્યાં ઈવેન્ટ અને ગ્રુપ ડિસ્કશન પણ થઈ શકે છે.

### યેલો શેડેડ લાઈટથી આ પાર્કનો રાત્રીનો નજારો રહેશે એટ્રેકટિવ

આમ તો અહીં સાયકલ ટ્રેક પર રાત્રીના સમયે તો નોર્મલ લાઈટ જ રહેશે પણ વોકિંગ ટ્રેક પર યેલો શેડેડ વોર્મિંગ લાઈટ રહેશે જેનાથી વાતાવરણ પીસફુલ લાગશે અને લોકોને અહીં વોકિંગ કરવાની મજા આવશે. આ લાઈટને કારણે પાર્કનો રાત્રિ નજારો આકર્ષક લાગશે

---

Succcess મંત્ર

# સડક સે સરહદ તક

## સુરતના યુવકો સડક પર દોડી સૈન્યમાં જોડાવા મેળવી રહ્યા છે તાલીમ



### 'સડક સે સરહદ તક' ગ્રુપનું નામ કઈ રીતે પડ્યું?

આ ગ્રુપની સ્થાપના થઇ ત્યારથી ગ્રુપ સાથે જોડાયેલા મહેશ ઇન્દવેએ જણાવ્યું કે, સરકારી સુવિધા વગર જાહેર રોડ પર દોડતું ગ્રુપ એટલે સડક સે સરહદ તક ગ્રુપ. ડીંડોલીના 4-5 છોકરાઓએ ભેગા થઈને આ ગ્રુપની શરૂઆત કરી અને ડામરના રોડ પર દોડવાની પ્રેક્ટિસ કરવા લાગ્યા અને જેમ જેમ બધાને ખબર પડવા લાગી તેમ તેમ યુવકો તેમાં જોડાવા લાગ્યા. હવે સભ્યોની સંખ્યા 100 પર પહોંચી ગઈ છે. ગ્રુપમાં 17થી 30 વર્ષના નવાગામ,ડીંડોલી, ભેસ્તાન અને અન્ય જગ્યાઓ પરના યુવકો જાહેર રોડ પર પ્રેક્ટિસ કરે છે. તેમનું આર્મીમાં, પોલીસ ખાતામાં, BSF માં જોડાવાનું સપનું છે.



તમે ક્યારેક સાંજના સમયે નવાગામ નંદનવન CNG રોડ પર જજો ત્યાં તમને એક સાથે 100 જેટલાં યુવકો રનિંગ, જમ્પિંગ અને અન્ય વર્કઆઉટ કરતાં જોવા મળશે. હવે તમને એવું થશે કે આટલી બધી સંખ્યામાં આ યુવકો 5 કિલોમીટર જેટલું કેમ દોડે છે? કેમ જાહેર માર્ગ પર શારીરિક કસરતો કરી રહ્યા છે, આની પાછળનો તેમનો ઉદ્દેશ્ય શું છે? તો જાણી લો આ બધા જ યુવકોની આંખમાં સપનું છે દેશના સૈન્યમાં ભર્તી થઈ ભારત માતાની સેવા કરવાનું. દેશની સરહદો પર તૈનાત થઈ દેશવાસીઓની સુરક્ષા કરવાનું. લગભગ 2014-15માં અહીંના સ્થાનિક ચારથી પાંચ યુવકોએ ભેગા થઈને 'સડક સે સરહદ 'તક ગ્રુપ બનાવ્યું જેને ઉદ્દેશ્ય જાહેર માર્ગ પર કોઈપણ પ્રકારની સુવિધા વગર રનિંગ, જમ્પિંગ અને અન્ય વર્ક આઉટ કરી સૈન્યમાં ભર્તી થવા માટે ફીઝીકલ ટેસ્ટ માટે ફિટ થવું. આ ગ્રુપના 50 જેટલાં યુવકો દેશના સૈન્યમાં ભર્તી થઈ અત્યારે દેશની સુરક્ષામાં પોતાનો વિરતરૂપી ફાળો આપી રહ્યાં છે. ચાલો આ ગ્રુપની આંખોમાં અંજાયેલા સપના અને તેને પૂરો કરવા થઈ રહેલાં પ્રયાસો વિશે વિસ્તૃતમાં જાણીએ...



### 50 જેટલાં યુવકો સૈન્યમાં જોડાયા છે

મહેશભાઈએ જણાવ્યું કે આ ગ્રુપના ભટટૂ પાટીલ અત્યારે આસામ રાઈફલમાં છે, દિપક મરાઠે તથા નિલેશ પાટીલ આર્મીમાં છે, રાહુલ કોહલી BSFમાં છે. આ ગ્રુપમાં જોડાઈને આ રીતે તાલીમ લઈને 50 યુવકો સૈન્યમાં જોડાઈ જમ્મુ કાશ્મીર, લદ્દાખ, છત્તીસગઢ, આસામ, કેદારનાથમાં પોતાની સેવા આપી રહ્યાં છે.



### SMC સંચાલિત લાયબ્રેરી પરીક્ષા માટે વાંચન કરે છે

આ યુવકો લેખિત પરીક્ષાની તૈયારીના ભાગરૂપે સવારથી બપોર સુધી ડીંડોલીમાં SMC સંચાલિત લાયબ્રેરી કે ઘર પાસેના પુસ્તકાલય કે પછી નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયમાં આખો દિવસ વાંચન કરે અને રવિવાર છોડીને બાકીના દિવસોમાં દોડ વગેરેની પ્રેક્ટિસ કરે. આ ગ્રુપના સભ્યો જે નોકરી પર લાગ્યાં છે તે પોતાને પરવડે તે રીતે ગ્રુપ માટે ફંડ આપે છે. ગ્રુપના ફંડમાંથી મેરેથોન દોડ, બાળકોને ઇનામ વિતરણ વગેરે પ્રવૃત્તિ કરે છે.

### જે સૈન્યમાં જોડાયા છે તે આપે છે તાલીમ





અહીં નવાગામમાં મીઠાલાલથી થઈને નંદનવન સુધી 2.5 કિલોમીટરના 2 રાઉન્ડ દોડવામાં આવે છે. સાંજે 6થી 8 વાગ્યામાં રનિંગ, જમ્પિંગ,પુશઅપ અને અન્ય વર્કઆઉટ કરે છે. કસરતના કોઈ અઘતન સાધન આ યુવકો પાસે નથી. આસામ રાઈફલના ભટ્ટૂ પાટીલે જણાવ્યું કે જે અહીંથી પ્રેક્ટિસ કરીને સૈન્યમાં જોડાયા છે તેઓ જ્યારે રજામાં સુરત આવે ત્યારે આ ગ્રુપના યુવકોને કેવું વર્કઆઉટ કરવાનું, એક દિવસ 5 કિલો મીટર દોડવાનું, એક દિવસ 300 મીટર દોડવાનું, એક દિવસ સ્લો તો એક દિવસ ફાસ્ટ દોડવા માટેનું માર્ગદર્શન આપે. મહેશ ઈંદવેએ જણાવ્યું કે અમારી પ્રેક્ટિસ માટે ડીંડોલીમાં સ્પોર્ટ્સ સંકુલ બન્યું છે પણ તેનું હજી ઉદ્ઘાટન નથી થયું અને તેમાં દોડવા માટેનો ટ્રેક પણ નથી. અમે પોતાના પૈસાથી કસરતના બેઝિક સાધનો જેમકે ભાર, પેટની એક્સરસાઇઝ માટેના સાધનો વસાવ્યા છે. અમારા ગ્રુપમાં જોડાવા યુવકો સામે ચાલીને આવે છે.